<u>દૂધ સંજીવની યોજના બાબત.</u>

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક આઇસીડી-૧૧૨૦૦૦૯/૭૩૨૨૪૧/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૨-૦૫-૨૦૧૮

**સંદર્ભ:-**

૧. મ. અને બા.વિ. વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૦૯/૭૩૨૨૪૧/બ તા. ૨૪/૧૨/૨૦૦૯
૨. કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્ર:સદસ-૧૦૨૦૧૬-૨૨-ખ તા.૨૭/૧/૨૦૧૬
૩. મ. અને બા.વિ. વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૭/૨૦૨૪૩૩/બ તા.૭-૪-૨૦૧૭
૪. મ. અને બા.વિ. વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૦૯-૭૩૨૨૪૧-બ તા.૧૭/૨/૨૦૧૭
૫. કમિશ્નરશ્રી,મ.અને બા.વિ. ની કચેરીનો તા.૨૮-૩-૨૦૧૮નો પત્ર ક્ર.યોજના/ આઇસીડીએસ/ દુધ સંજીવની/દરખાસ્ત/ઠરાવ સુધારા/૧૫૭૭૩/૨૦૧૭

**આ મુ ખ:-**

ગુજરાત રાજયમાં આઇસીડીએસ યોજના હેઠળ સંદર્ભ-૧ અન્વયે તા. ૨૪/૧૨/૨૦૦૯ ના ઠરાવથી ૬ જિલ્લાના ૧૦ આદિજાતિ વિસ્તારના ઘટકોનાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે માતૃમંડળ અને સખી મંડળના કાર્યકરોના સહયોગથી અઠવાડિયામાં ૨ વખત પ્રતિદિન ૧૦૦ ગ્રામ દૂધ આપવાની યોજના મંજૂર કરવામાં આવી.સંદર્ભ (૨) માં દર્શાવેલ કૃષિ અને સહકાર વિભાગના તા.૨૭/૧/૨૦૧૬ના ઠરાવ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, અને મહિલા અને બાળ વિકાસ વિભાગ નીચે ચાલતી દૂધ સંજીવની યોજનાનું એકીકરણ કરવામાં આવેલ. સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૭/૪/૨૦૧૭ ના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી આપવામાં આવેલ. સંદર્ભ (૪) માં દર્શાવેલ તા.૧૭/૨/૨૦૧૮ ના ઠરાવથી દૂધ સંજીવની યોજના હેઠળ કચ્છ જિલ્લાના રાપર અને લખપત અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુર તાલુકા માટે GCMMF Ltd. (AMUL) ના દર અને શરતો મુજબ માહી ડેરી ને દૂધ વિતરણમાં પાશ્ચાતવર્તી અસરથી રૂ.૧.૩૫ કરોડના બીલોના ચૂકવણા માટે વર્ષ ૨૦૧૭-૧૮ની બજેટ જોગવાઇ તથા ફાળવાયેલ

ગ્રાન્ટની મર્યાદામાં તા.૩૧/૩/૨૦૧૮ સુધી ચુકવણું કરવા વહીવટી મંજુરી આપવામાં આવેલ. સંદર્ભ (૫) માં દર્શાવેલ કમિશ્નરશ્રી,મ.અને બા.વિ. ની કચેરીનો તા. ૨૮-૩-૨૦૧૮ ના પત્ર દ્વારા દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં GCMMF અને માહિ ડેરી રાજકોટને દૂધ વિતરણ વ્યવસ્થા માટે એપ્રિલ ૨૦૧૮ થી જુન ૨૦૧૮ સુધી ત્રણ માસ માટે અથવા નવી સૂચના બહાર ન પડે ત્યાં સુધી આ યોજનાની મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ</u>:-

કમિશ્નરશ્રી,મ.અને બા.વિ. ની કચેરીની દરખાસ્ત સંદર્ભે દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં GCMMF અને માહિ ડેરી રાજકોટને દૂધ વિતરણ વ્યવસ્થા માટે એપ્રિલ ૨૦૧૮ થી જુન ૨૦૧૮ સુધી ત્રણ માસ માટે અથવા દૂધ સંજીવની યોજના માટે નવા ઠરાવ અંતર્ગત ભાવ નક્કી થાય ત્યાં સુધી આ યોજનાની અમલ કરવા નીચેની શરતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

(૧) આ યોજના અંતર્ગત આઇસીડીએસ યોજના હેઠળ મંજુર થયેલ આદિજાતી વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં ૬માસ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ (સોમવાર થી શુક્રવાર) ૧૦૦મીલી તથા સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને અઠવાડીયામાં ૨ દિવસ (બુધવાર અને શુક્રવાર) ૨૦૦મીલી માન્ય થયેલ જથ્થા મુજબનું સુચિત ફ્લેવર્ડ પેશ્ચુરાઇઝ્ડ દૂધ અઠવાડીયાના રજા સિવાયના દિવસોએ આપવાનું રહેશે.

(૨) ગુજરાત કો. ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, (GCMMF) આણંદને માટે દૂધના ૨૦૦ મી.લી. ના પાઉચની કિંમત રૂ ૭.૫૦/- + ટેક્ષ + ખરેખર થયેલ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ જેટલી રહેશે.

(૩) માહિ ડેરી માટે કચ્છ જિલ્લામાં દૂધના ૨૦૦ મી.લી.ના પાઉચની કિંમત રૂ. ૭.૫૦/- + ૦.૯૫/-વાહતુક ખર્ચ +ટેક્ષ (રૂ.૮.૪૫/- + ટેક્ષ પ્રતિ ૨૦૦મીલી પાઉચની કિમંત) તેમજ દેવભુમિ દ્વારકા જિલ્લામાં દૂધના ૨૦૦ મી.લી. ના પાઉચની કિંમત રૂ. ૭.૫૦/- +૨.૨૫/- વાહતુક ખર્ચ +ટેક્ષ (રૂ.૯.૭૫/- + ટેક્ષ પ્રતિ ૨૦૦મીલી પાઉચની કિમંત) જેટલો રહેશે.

(૪) મધ્યાહ્ન ભોજન, આદિજાતી વિકાસ વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ ત્રણેય વિભાગના નોડલ વિભાગ સહકાર વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો/નિતી-નિયમો મુજબ અમલવારી કરવાની રહેશે.

(૫) આ યોજના હેઠળની આંગણવાડી કેન્દ્રોએ દૂધ માટેનું ઇન્ડેન્ટ અઠવાડીક સરાસરી હાજરી + ૫ ટકા મુજબ ગણી નિયત નમુનામાં ભરવાનું રહેશે. આગળના સપ્તાહ માટેનું ઇન્ડેન્ટ દર શુક્રવારે ભરવાનું રહેશે. આ અંગે દૈનિક દૂધના જથ્થાનું વિતરણ અને ફરીયાદ નિવારણનું રીપોર્ટીંગ રજીસ્ટર નિભાવાનું રહેશે.

(૬) દૂધ સંઘે, આંગણવાડી કેન્દ્ર સુધી દૂધનો જથ્થો પહોચાડવાનો રહેશે.

(૭) પ્રાથમિક શાળાઓમાં રજાના દિવસે/વેકેશન દરમિયાન પણ આંગણવાડીમાં દૂધ પહોંચાડવાનું રહેશે.

(૮) પ્રાથમિક શાળાઓમાં અને આંગણવાડીની રજાઓનું કેલેન્ડર મેળવી તે પ્રમાણે દૂધ સપ્લાયનું આગોતરૂં આયોજન કરવાનું રહેશે.

(૯) ટ્રાન્સપોર્ટેશનના ટેન્ડરની પ્રક્રિયા જે તે જિલ્લાના દૂધ સંઘ ડેરી દ્વારા વર્ષ અગાઉ એડવાન્સમાં કરવાની રહેશે. જેથી દૂધ વિતરણ વ્યવસ્થામાં વિક્ષેપ ન આવે.

(૧૦) આ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં આવતા લાભાર્થીઓને દૂધથી વંચિત ના રહે તે માટે GCMMF અને માહિ ડેરીએ આગોતર આયોજન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંક ની ફાઇલ પર નાણાં વિભાગના તા.૨૪/૪/૨૦૧૮ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARchristian

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, મ.બ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (મ.બ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકરીશ્રી ગાંધીનગર/ અમદાવાદ
- સેલેક્ટ ફાઇલ